# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કૂલ

## વાર્ષિક પરીક્ષા – ૨૦૧૮

વિષય : ગુજરાતી  તા. : ૧૨-૩-૨૦૧૮
શ્રેણી : ૧૧  સમય : ૩ કલાક
કુલ ગુણ : ૧૦૦

**General Instructions :**

i. The questions paper is divided into four Sections.

| | |
|---|---|
| Section–A Advanced Reading Skill | – 10 |
| Section–B Effecive Writing Skill | – 20 |
| Section–C Applied grammar | – 20 |
| Section–D Literature | – 50 |
| **Total** | **– 100** |

ii. Marks are indicated against each questions.
iii. All questions are compulsory.

## Section–A : Reading Comprehension

પ્ર-૧ અ. નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેના પ્રશ્નોના જવાબ ગદ્યખંડમાંથી શોધીને લખો. ૧૦

ભારતીય સંસ્કૃતિ શબ્દ નજર સમક્ષ આવતા જ વિવિધતામાં એકતા, ધર્મસહિષ્ણુતા, સર્વધર્મ સમભાવ વગેરે જેવા ભારેખમ શબ્દો જ સ્મૃતિપટ પર અંકાય છે. ખરેખર આપણી સંસ્કૃતિ કેવી અને કેટલી અજોડ છે. એનો અભ્યાસ કરીએ તો જ એના વિશે કંઈક મંતવ્ય રજૂ કરી શકીએ. પ્રાચીનકાળની રીતભાત, રહેણીકરણી પર નજર નાંખીશું તો ખ્યાલ અવશ્ય આવશે કે લોકોનું જીવનધોરણ કેટલું સરળ હતું. જરૂરત કેટલી ઓછી હતી. છતાં કેટલા સુખી અને સંતોષી હતા. લોભ, લાલચ, સ્વાર્થ, કપટ વગેરે જેવા શબ્દો કદાચ એમના શબ્દકોશમાં જ ન હતા. તેઓપોતાના બાળકોમાં સદ્‌ગુણોનું સિંચન કરતાં અને એક સારો માનવી બનવાની કોશિશ કરતાં, ખાસ કરીને પોતે અમલ કરીને સદ્‌ગુણોનું પાલન કરવાની ટેવ પાડતાં. આ વધારે અસરકારક શિક્ષણ કે એવી સમજ તેઓ ધરાવતા. પ્રાચીન કાળમાં જ્ઞાનને વધારે મહત્વ આપતું તેથી જ ઋષિમુનિઓને ખૂબ માન અપાતું અને જેટલું મેળવી શકાય એટલું જ્ઞાન મેળવતા. દરેક ક્ષેત્રમાં સમજપૂર્વક આગળ વધતાં આ સાચી સમજ એ સંસ્કૃતિની ધરોહર છે. સર્વધર્મ સમભાવ અને ધર્મસહિષ્ણુતા પણ આ સમજને કારણે જ જન્મે છે. ઉમાશંકર જોશીની પ્રસિદ્ધ પંક્તિ 'હું માનવી, માનવ થાઉં તોય ઘણું ખરા અર્થમાં યથાર્થ થશે.

પ્રશ્નો :

૧. ભારતીય સંસ્કૃતિ શાના દ્વારા સમૃદ્ધ બની છે ?
૨. પ્રાચીન સમયના લોકો કેવા હતા ?
૩. બાળકોનાં શિક્ષણ અને સંસ્કારો માટે લોકો શું કરતાં ?
૪. પ્રાચીનકાળમાં લોકો શાને મહત્વ આપતા ?
૫. ખરા અર્થમાં શું યથાર્થ થશે ?

## Section–B : Effective Writing Skill

પ્ર-૨ અ. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. ૮

૧. પરિશ્રમ એજ પારસમણિ

૨. પ્રદૂષણ એક સમસ્યા

૩. નદીની આત્મકથા

બ. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. ૬

એક ખેડૂત – ચાર દીકરા – ચારે દીકરા આળસુ – ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારે દીકરાઓને બોલાવવા – 'ખેતરમાં રૂપિયા ભરેલા ચરૂ છે.' એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢવું – રૂપિયા ન મળવા – બી વાવવાં – સારો પાક થવો – શિખામણ – શીર્ષક.

ક. મોબાઈલનો વધુ પડતો ઉપયોગ આરોગ્ય અને અભ્યાસ માટે એક સમસ્યારૂપ છે તે સમજાવતો પત્ર તમારા નાનાભાઈને લખો. ૬

અથવા

તમારા વિસ્તારમાં પ્રદૂષણના કારણે ફેલાયેલા રોગચાળા વિશે આરોગ્યમંત્રીને પત્ર લખો.

## Section–C : Applied Grammar

પ્ર-૩ અ. સૂચના પ્રમાણે પરિવર્તન કરો. ૩

૧. આજે શાળામાં રજા છે ? (સાદું વાક્ય બનાવો)

૨. આજે મામા વડોદરાથી આવશે. (પ્રશ્ન વાક્ય બનાવો)

૩. કરાવી લઈશું. અરે, હું જ કરી નાખીશ. (ઉદ્‌ગાર વાક્ય બનાવો.)

બ. માગ્યા પ્રમાણે લખો. ૩

૧. નીચેના શબ્દોનાં સમાનાર્થી શબ્દ લખો.

૧) તલખાટ ૨) નિરંતર

૨. નીચેના શબ્દોના વિરોધી અર્થ આપો.

૧) સુદ ૨) આશા

૩. નીચેના શબ્દોની જોડણી સુધારો.

૧) વીચલિત ૨) કીલોમીટર

ક. માગ્યા પ્રમાણે કરો. ૩

૧. નીચેના શબ્દોના સમાસ ઓળખાવો.

૧) ચાતુર્માસ ૨) શોકાતુર

૨. નીચેના શબ્દોની સંધિ જોડો.

૧) વિદ્યા + અર્થી ૨) મહા+ઈશ

૩. નીચેના શબ્દોની સંધિ છોડો.

૧) વિદ્યાભ્યાસ ૨) કવીશ્વર

ડ. **નીચેના અશુદ્ધ વાક્યોને શુદ્ધ સ્વરૂપે લખો.** ૩

૧. મારાં મોટાભાઇ આજે અમદાવાદ ગયાં.

૨. સવિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું.

૩. બસ મુસાફરો લઇને હાઇવે-રોડ પર જતી હતી.

ઇ. **નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** ૩

૧. દરિયા કે નદીને કિનારે આવેલું વહાણોની આવજા થઇ શકે તેવું સ્થાન.

૨. ખુશાલીને પ્રસંગે કરવામાં આવતી ભેટની વહેંચણી.

૩. કોઇપણ જગા કે પ્રદેશનો માપસરનો આલેખ.

ઈ. **નીચેની કહેવતનો અર્થ આપો.** ૩

૧. મન હોય તો માળવે જવાય.

૨. દૂધનો દાઝયો છાશ પણ ફૂંકીને પીએ.

૩ ઝાઝી કીડીઓ સાપને તાણે.

ઉ. **નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.** ૨

૧. હાથ ઝાલવો.

૨. પાણીના મૂલે.

## Section–D Literature

પ્ર-૪ અ. **નીચેનામાંથી કોઇપણ ચાર વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો.** ૮

૧. 'આ કુસુમાયુધ બિલકુલ લોહી લેતો નથી. ડૉક્ટરને પૂછો ને ?'

૨. 'પૂછું તો ખરો કે નથી તો બોલચાલ થઇ કે નથી એવી કંઇ આંટી પડી.'

૩. 'કોણ જાણે શું છે તે કાપડની વાતમાં જ એમનું મોઢું ચડી જાય છે ?

૪. ''તબિયત જરાય સારી નથી, દાદાજી ! શા માટે આટલી મહેનત કરો છો ?''

૫. 'સાહેબ, બીજા માટે ભીખ ન માગું ? કોઇ દીનદુખિયા, રોગિયા-દોગિયા, ભૂખ્યા, તરસ્યા, નાગાપૂગા માટેય નહિ ?'

બ. **નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના સાત-આઠ વાક્યોમા જવાબ આપો.** ૮

૧. નાટ્યખંડમાં રજૂ થયેલી કર્ણ-કુંતીની મૂંઝવણ તમારા શબ્દોમાં વર્ણવો.

૨. 'દાદાજી' પાઠના આધારે કલ્યાણીનું પાત્રાલેખન કરો.

૩. 'માથાથી પગ સુધી લંબાઇની માત્ર છ ફૂટ જમીનની જ એને જરૂર હતી !' આ વાક્ય સમજાવો.

ક. **નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** ૪

૧. માની ગેરહાજરી વિશે કુસુમાયુધને નાનપણમાં કેવા કેવા જવાબો મળતા ?

૨. અણદો દાનેશ્વરી હતો તેમ શાથી કહી શકાય. ?

૩. ઘોડાગાડીમાંથી બહાર આવી દરબાર મનોમન શું બોલ્યા ? શા માટે ?

પ્ર-૫ અ. **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કંઇ નથી – પગલાં વસંતનાં.
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના છે,
દોરી રહ્યું છે કોણ આ રસ્તા વસંતના.
આ એક તારા અંગેને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેંકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ઊગી રહ્યાં છે યાદનાં અબીલને ગુલાલ,
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.
ફાંટું ભરીને સોનું સૂરજનું ભરું હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

**પ્રશ્નો :**

૧. પ્રત્યેક ડાળ કવિને કેવી લાગે છે ?
૨. ફૂલોની સરખામણી કવિએ કોની સાથે કરી છે ?
૩. ઈશ્વર શાના વડે વસંતનો રસ્તો દોરે છે ?
૪. ચમન શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.
૫. મંજરી કયાં મ્હેંકી રહી છે ?
૬. કવિ શા માટે ફાંટું ભરવાનું કહે છે ?

બ. **નીચેનામાંથી કોઇપણ ત્રણ પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.** ૬

૧. પુત્રની જરૂરિયાતો પિતાએ શી રીતે પુરી કરી હતી ?
૨. વિદ્યા તથા આયુષ્ય વિશે બહેન ભાઇને શું જણાવે છે ?
૩. ઈશ્વર સાચી પૂજા કોની ગણાવે છે ? શા માટે ?
૪. ચાંદા અને સૂરજના દૃષ્ટાંત દ્વારા કવિ શું કહેવા માગે છે ?

ક. **નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો.** ૮

૧. 'જાગને જાદવા' વાક્યમાં શ્રીકૃષ્ણને જગાડવા માટે કયાં કયાં કારણો આપ્યાં છે તે સવિસ્તાર જણાવો.
૨. 'ગવતરી' લોકગીતનું કથાવસ્તુ તમારા શબ્દોમાં વર્ણવો.
૩. ઈશ્વર પૂજારીને પાછો જવાનું શા માટે કહે છે ? આ વાત કાવ્યને આધારે સમજાવો.

પ્ર-૬ નીચેનામાંથી કોઇપણ એક લેખકનો પરિચય આશરે ૨૦૦ શબ્દોમાં કરાવો. ૧૦

૧. પન્નાલાલ પટેલ
૨. ગાંધીજી
૩. કલાપી